# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૨૦ તા.૦૫/૦૯/૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨/ક્વા-૪/૧૯-૨૦**

અરજદાર: શ્રી નારણભાઈ રણમલભાઈ ગોજીયા ગામ: ગાંગડી

સબડીવીઝન: કલ્યાણપુર

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી દ્વારકા

### :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| 3) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

તારીખ: મંગળવાર (૧૮.૦૮.૨૦૨૦)

### :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદાર કલ્યાણપુર તાલુકા ના લાંબા ગામે આવેલ જગ્યા માં બિનખેતી રે.સ.નં. ૧૪૫૦ માં અમે બિનખેતી કરેલ છે.આગળ જઈ રહેલ પાવર લાઇન અમને લોકો ને નડતર રૂપ થાય છે. અને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ આવેલ નથી.અને પેટા વિભાગીય કચેરી દ્વારા આપવા માં આવેલ કોટેશન પણ ભરપાઈ કરી આપેલ છે જેના રસીદ નં. ૩૯૮૨૨૯ તા. ૦૯/૦૮/૧૮ ના રોજ ભરેલ છે. ગ્રાહક નં. ૧૧૦૮૫૧૧૩ આવેલ છે. વધુ

માં નાણાં ભરપાઈ કર્યા નો ઘણો સમય થઈ ગયેલ હોવા છતાં લાઇન ફેરવી આપેલ નથી. આથી અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ની લેખીત રજૂઆત મુજબ નારણભાઈ રણમલભાઈ ગોજીયા ગામ: ગાંગડી તા.કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ગાંગડી ખાતે બિન ખેતી થયેલ જગ્યા માં નડતર રૂપ લાઇન ફેરવી દેવા બાબત ની રજૂઆત કરેલ છે.

૨.૧ સદર અરજદારશ્રી દ્વારા સદર લાઇન શિફ્ટીંગ માટે નું અંદાજપત્ર તા.૦૯/૦૮/૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ અને જે અન્વયે અરજદાર શ્રી ના સ્થળે લાઇન શિફ્ટીંગ ની કાર્યવાહી કરવા જતાં તે સમયે જે લાઇન કાઢવાની હતી તે ખેતર માં પાક ઊભો હોય પાક લેવાય તે પછી જ કામ થઈ શકે તેમ હોવાના લીધે સદર લાઇન શિફ્ટીંગ ની કામગીરી થઈ શકેલ ન હતી.સદર બાબતે પાક લેવાય જાય ત્યારબાદ પેટા વિભાગીય કચેરી નો સંપર્ક કરવા જણાવેલ પરંતુ અરજદાર દ્વારા પેટાવિભાગીય કચેરીનો કોઈપણ સંપર્ક કરવામાં આવેલ ન હતો.અને અરજદરશ્રી દ્વારા અત્રે ની કચેરી નો સંપર્ક કરતાં તે સ્થળ પર જઈ લાઇન શિફ્ટીંગ ની કામગીરી પૂર્ણ કરી આપવા માં આવેલ છે.

૨.૨ સદર ફરિયાદ બાબતે અરજદારશ્રી ની રજૂઆત મુજબ નું વીજલાઇન શિફ્ટીંગ તા.૨૪/૦૪/૨૦૨૦ ના રોજ પેટા વિભાગીય કચેરી દ્વારા પૂર્ણ કરી આપેલ છે.

૨.૩ પીજીવીસીએલ પક્ષકાર ની રજૂઆત મુજબ અરજદારશ્રીની ફરીયાદ અન્વયે વિજલાઇન શિફ્ટીંગ અંગે નું કામ પૂર્ણ કરેલ હોય.અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તા.૨૪.૦૪.૨૦૨૦ના રોજ સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કક્ષાએથી ફરિયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૨૪.૦૪.૨૦૨૦ થી રજુ કરેલ છે.તે મુજબ સદર બાબતે અરજદારને કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

૩.૧ આમ ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |